# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ, નવરંગપુરા, અમદાવાદ

સંપર્ક નંબરઃ ૦૭૯-૨૬૩૦૦૮૩૪

યુ.ક. નં/ ૭૮ /૨૦૨૨ તા: ૦૨-૦૩-૨૦૨૨

વિષય: હિમાલયા હાઈ એટીટ્યુટ કેમ્પ, એડવાન્સ માઉન્ટેનીયરીંગ કેમ્પ અને માઉન્ટ આબુ ડુંગરાળ પરિભ્રમણ અંગે.

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાતા વિવિધ કેમ્પની સફળતા અને વિધાર્થીઓમાં પ્રસરેલી રૂચી જોઈ આગામી મે, જૂન, જૂલાઈ માસ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે નીચે દર્શાવેલ કેમ્પનું આયોજન કરવા વિચારણાધિન છે.

(૧) **હિમાલયા હાઈ એટીટ્યુટ કેમ્પઃ**

યુવક કલ્યાણ વિભાગ દ્વારા અગાઉ યોજાયેલ કોઈ પણ એક કેમ્પમાં ભાગ લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓજ ભાગ લઇ શકશે. આપની કોલેજમાંથી હિમાલયા હાઈ એટીટ્યુટ કેમ્પમાં જોડાવા ઉત્સુક ૧ (એક) વિદ્યાર્થી ભાઈ અને ૧ (એક) વિદ્યાર્થીની બહેનનું એપ્લીકેશન ફોર્મ અગાઉ ભાગ લીધેલ કેમ્પનું સર્ટીફીકેટ જોડીને મોકલી આપશોજી. ગર્લ્સ કોલેજ ૨ (બે) વિદ્યાર્થીની બહેનોના ફોર્મ મોકલી શકશે. વિદ્યાર્થીઓની પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. વિદ્યાર્થી ભાઈઓએ દોડ કસોટી ૧૬૦૦ મીટર ૬ મીનીટ અને ૪૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે બહેનોએ દોડ કસોટી ૮૦૦ મીટર ૪ મીનીટ અને ૪૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) **એડવાન્સ માઉન્ટેનીયરીંગ કેમ્પઃ**

એડવાન્સ પર્વતારોહણ તાલીમ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટેનીયરીંગ, માઉન્ટ આબુ અથવા પંડિત દિનદયાલ ઉપાધ્યાય માઉન્ટેનીયરીંગ ટ્રેઈનીંગ સેન્ટર, જુનાગઢ ખાતે બેઝીક પર્વતારોહણ તાલીમ શિબિર પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકશે. આપની કોલેજમાંથી એડવાન્સ માઉન્ટેનીયરીંગ કેમ્પમાં જોડાવા ઉત્સુક ૨ (બે) વિદ્યાર્થી ભાઈઓ અને ૨ (બે) વિદ્યાર્થીની બહેનોના એપ્લીકેશન ફોર્મ બેઝીક પર્વતારોહણ તાલીમ શિબિરનું સર્ટીફીકેટ જોડીને મોકલી આપશોજી. ગર્લ્સ કોલેજ ૪ (ચાર) વિદ્યાર્થીની બહેનોના ફોર્મ મોકલી શકશે. વિદ્યાર્થીઓની પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. વિદ્યાર્થી ભાઈઓએ દોડ કસોટી ૧૬૦૦ મીટર ૭ મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે બહેનોએ દોડ કસોટી ૮૦૦ મીટર ૫ મીનીટ અને ૩૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.

(3) **માઉન્ટ આબુ ડુંગરાળ પરિભ્રમણઃ**

ગુજરાત યુનિવર્સિટી, યુવક કલ્યાણ વિભાગ દ્વારા અગાઉ યોજાયેલ કોઈ પણ કેમ્પમાં ભાગ લીધેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ જ માઉન્ટ આબુ ડુંગરાળ પરિભ્રમણમાં ભાગ લઈ શકશે. આપની કોલેજમાંથી માઉન્ટ આબુ ડુંગરાળ પરિભ્રમણમાં જોડાવા ઉત્સુક ૨ (બે) વિદ્યાર્થી ભાઈઓ અને ૨ (બે) વિદ્યાર્થીની બહેનોના એપ્લીકેશન ફોર્મ મોકલી આપશોજી. ગર્લ્સ કોલેજ ૪ (ચાર) વિદ્યાર્થીની બહેનોના ફોર્મ મોકલી શકશે. વિદ્યાર્થીઓની પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. વિદ્યાર્થી ભાઈઓએ દોડ કસોટી ૧૬૦૦ મીટર ૭ મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે બહેનોએ દોડ કસોટી ૮૦૦ મીટર ૫ મીનીટ અને ૩૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.

ઉપરોક્ત દર્શાવેલ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક આપની કોલેજના વિદ્યાર્થીઓના ફોર્મ કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે તા. ૧૫-૦૩-૨૦૨૨ ના રોજ બપોરે ૨-૦૦ કલાક સુધીમાં યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, ખાતે મોકલી આપવા વિનંતી.

ઉપરોક્ત કેમ્પ માટેની વિદ્યાર્થીઓની આખરી પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. પસંદગી દોડ કસોટી દ્વારા કરવામાં આવશે, જેની જાણ વિદ્યાર્થીઓને ઈ-મેલ ઉપર કરવામાં આવશે. પસંદગી સ્થળે વિદ્યાર્થીઓએ પોતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. શિબિર દરમ્યાન જો કોઈ અકસ્માત થાય કે બીમાર પડે તો તેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે અને સારવારનો પુરેપુરો ખર્ચ પણ જે તે વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો રહેશે. શિબિર સ્થળે આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે અથવા કોલેજે ભોગવવાનો રહેશે. જયારે યુનિવર્સિટી તરફથી રહેવા, જમવા તથા તાલીમની સગવડ શિબિરના સ્થળે કરવામાં આવશે. ઉપરોક્ત શિબિરોના સંચાલક તરીકે નાયબ નિયામક, યુવક કલ્યાણ કે તેમના પ્રતિનિધિ રહેશે. <u>હવે પછીનો પત્ર વ્યવહાર તથા શિબિર અંગેની તમામ માહિતી વિદ્યાથીઓના E-MAIL ID પર મોકલી આપવામાં આવશે.</u> કોઈ પણ પ્રકારનો પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં. આ અંગેની તમામ જાણકારી વિદ્યાર્થીઓને આપ્યા બાદ જ એપ્લીકેશન ફોર્મ મોકલી આપવા વિનંતી. હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ શિબિર દરમ્યાન અને પસંદગી કસોટી સમયે વિદ્યાર્થીઓએ ભારત સરકાર દ્વારા બહાર પાડેલ COVID-19 ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

<u>નોંધઃ</u> (૧) એક વિદ્યાર્થી કોઈ પણ એક કેમ્પમાં જ ભાગ લઈ શકશે, જેની ખાસ નોંધ લેવી

(૨) ઉપર દર્શાવ્યા મુજબની વિદ્યાર્થીઓની નિયત સંખ્યા કરતા વધારે નામો મોકલવા નહી, તેની ખાસ તકેદારી રાખવી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

# GUJARAT UNIVERSITY
## DEPARTMENT OF YOUTH WELFARE

### APPLICATION FORM

**(NOTE : FORMS FILL IN THE CAPITAL BLOCK LETTERS )**

**CAMP NAME:**

**PASTE YOUR RECENT PASSPORT SIZE PHOTOGRAPH SIGNED BY PRINCIPAL**

**1 STUDENTS FULL NAME:**

**SURNAME:**

**NAME:**

**FATHERS NAME:**

**2 STUDENTS ADDRESS:**

**Pin Code :**

**3 NAME OF THE COLLEGE:**

**4 ENROLLMENT NO. :**

**5 STUDYING CLASS :**

**6 CONTACT NO. (M) :**

**7 GUARDIAN'S CONTACT NO.**

**8 CATEGORY ( GENERAL / OBC / SC / ST )**

**9 E-MAIL (COMPULSORY) :**

**10 DATE OF BIRTH:** **11 AGE:**

**12 TRACKSUIT SIZE ( TICK (√) MARK ON SIZE):**

| 36 | 38 | 40 | 42 | 44 |
|---|---|---|---|---|
| (S) | (M) | (L) | (XL) | (XXL) |

**(SIGNATURE OF STUDENT)**

**I hereby certify that the above mentioned information is correct as per our college record and best of my knowledge and belief.**

**(PRINCIPAL SIGNATURE & SEAL)**